તાપમાન
મહત્તમ : ૨૭.૫ ડીગ્રી
લઘુતમ : ૨૫.૫ ડીગ્રી
ભેજ
સવારે ૧૦૦ ટકા ● સાંજે ૯૫ ટકા
છેલ્લા ૨૪ કલાક - ૫૭ મી.મી. વરસાદ

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૧) અંક નં. ૧૨૪ | ૧૪ જુલાઈ, ૨૦૧૬, ગુરૂવાર ; અષાઢ સુદ - ૧૦ | પાનાં - ૮ કિંમત રૂ. ૧.૮૦

## તાઈવાને યુદ્ધ જહાજ મોકલતા ચીન દ્વારા યુદ્ધની ધમકી અપાઈ

પાઈપેઈ,તા. ૧૩

ચીને પોતાના હરીફોને સાઉથ ચાઈના દરિયાને લઈને યુદ્ધ થવાની ધમકી આપી છે. ચીને કહ્યું છે કે, સાઉથ ચાઈના દરિયામાં તેના અધિકાર છે અને આ તેનું ડિફેન્સ એર ઝોન છે. ચીને આ વાત રણનીતિના રુપમાં મહત્વના એવા સાઉથ ચાઈના સીમાં ચીનનો એકાધિકારીવાદ નાબૂદ કરતો યુએન દ્વારા આપવામાં આવેલ નિર્ણય બાદ કર્યો છે. દક્ષિણ ચીન સાગર ઉપર યુનાઈટેડ નેશન્સ સમર્થિત ઈન્ટરનેશનલ ટ્રીબ્યુનલ દ્વારા દક્ષિણ ચાઈના સમુદ્રમાં ચીનને કોઈ દખલ દેવાનો હક હોવાનો નિર્ણય જાહેર કરતા આ નિર્ણયથી ચીન ભારે ગુસ્સામાં જોવાયું છે. ગઈકાલે ચીને ત્યાં સુધી કહ્યું હતું કે, યુએનને સ્વીકારતું નથી જેથી તેના નિર્ણયનો અમલ પણ તે નહીં કરે.

# મોદીને ફટકો : અરૂણાચલમાં કોંગ્રેસ સત્તારૂઢ થશે

### ઉત્તરાખંડ બાદ અરૂણાચલ મુદ્દે પણ સુપ્રીમ કોર્ટની ફટકાર : અરૂણાચલ પ્રદેશમાં નબામ તુકીની સરકારને દુર કરવા માટે પ્રક્રિયાને સુપ્રીમ કોર્ટે પૂર્ણ ગેરબંધારણીય ગણાવી : રાજ્યપાલના નિર્ણયો પણ બિનબંધારણીય



નવી દિલ્હી,તા. ૧૩

વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકારને ઉત્તરાખંડ બાદ હવે અરૂણાચલ પ્રદેશને લઈને પણ મોટો ફટકો પડ્યો છે. અરૂણાચલ પ્રદેશ મામલે સુપ્રીમ કોર્ટના નિર્ણયથી કેન્દ્ર સરકારને પીછેહટનો સામનો કરવાની ફરજ પડી છે. સુપ્રીમ કોર્ટે આજે મહત્વપૂર્ણ ચુકાદો આપતા કહ્યુહતુ કે રાજ્યમાં નબામ તુકીની સરકારને દુર કરવાની પ્રક્રિયા સંપૂર્ણપણે ગેરબંધારણીય હતી. કોર્ટે પોતાના આદેશમાં તાત્કાલિક ધોરણે નબામ તુકી સરકારને ફરી સત્તારૂઢ કરવાનો આજે આદેશ જારી કર્યો હતો. સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદા અંગે પ્રતિક્રિયા આપતા તુકીએ કહ્યુ હતુ કે આ નિર્ણય દાખલારૂપ છે. કેન્દ્ર સરકાર અને ભાજપના નેતાઓને સમજી લેવાની જરૂર છે કે લોકો દ્વારા ચૂંટી કાઢવામાં આવેલી સરકારોને ગેરબંધારણીય તરીકાનો ઉપયોગ કરીને દુર કરવાની નિતી યોગ્ય નથી. તેઓ પ્રદેશમાં જઈને ધારાસભ્યો અને નેતાઓ સાથે વાત કરનાર છે. કોર્ટે કહ્યુ હતુ કે પ્રદેશમાં ૧૫મી ડિસેમ્બર ૨૦૧૫થી પહેલાની સ્થિતીને પુન સર્જવામાં આવે તે જરૂરી

● અનુસંધાન પાન-૭ પર

## બુરહાન વાનીના સ્થાને મહેમૂદ ગજનવી કમાન્ડર

### હિઝબુલનો લીડર સલાહુદ્દીન હાલમાં પોકમાં છે : બુરહાનના કામને છોડવામાં આવશે નહી : તેના મિશનને આગળ વધારી દેવા માટે પણ વાત કરવામાં આવી હતી

શ્રીનગર,તા. ૧૩

જમ્મુ કાશ્મીરમાં મોટા પાયે સક્રિય અને દેશમાં કેટલાક હુમલા માટે સીધીરીતે જવાબદાર સંગઠન હિજબુલ મુજાહીદ્દીનના કમાન્ડર બુરહાન વાનીના મોત બાદ તેની જગ્યાએ હવે પ્રતિબંધિત ત્રાસવાદી સંગઠનના નવા કમાન્ડર તરીકે મહેમુદ ગજનવીની વરણી કરવામાં આવી હોવાના હેવાલ મળ્યા છે. કમાન્ડર કાઉન્સિલની બેઠકમાં આ નિર્ણય કરવામાં આવ્યો હતો. હિજબુલના સર્વોચ્ચ લીડર સલાઉદ્દીન દ્વારા આ અંગેની



જાહેરાત કરવામાં આવી છે. સલાઉદ્દીને કહ્યુ છે કે બુરહાનના કામને છોડવામાં આવશે નહી. તેના મિશનને આગળ વધારી દેવાની પણ વાત કરવામાં આવી હતી. સલાઉદ્દીને કહ્યુ હતુ કે પોકમાં વાનીના સન્માનમાં એક કાર્યક્રમનુ આયોજન કરવામાં આવ્યુ છે. આ કાર્યક્રમમાં યુનાઈટેડ જેહાદ કાઉન્સિલના લીડજરો અને હુરિયતના લીડરો હાજર રહેશે. સલાઉદ્દીનના નિવેદન બાદ માનવામાં આવે છે કે કાશ્મીરમાં મોટા હુમલા થવાની શક્યતા રહેલી છે. જેથી હાલમાં મજબુત સુરક્ષા વ્યવસ્થા ગોઠવી રાખવાની જરૂર છે.

# કાશ્મીર ઘાટીમાં હજુ ભારેલો અગ્નિ

### સંચારબંધીમાં હજુ કોઈ રાહતનો સાફ ઈન્કાર : અસરગ્રસ્ત તમામ જગ્યાએ અભૂતપૂર્વ સુરક્ષા વ્યવસ્થા : અલગતાવાદી લીડરો, કટ્ટરપંથીની ગતિવિધી ઉપર ચાંપતી નજર : જનજીવન સતત પાંચમા દિવસે ખોરવાયુ



શ્રીનગર,તા. ૧૩

હિજબુલના ત્રાસવાદી બુરહાન વાનીને એન્કાઉન્ટરમાં ઠાર મારી દેવામાં આવ્યા બાદ આજે સતત પાંચમા દિવસે પણ સ્થિતી અજંપાભરી રહી હતી. કોઈ પણ જગ્યાએ સંચારબંધીમાં રાહત આપવાનો તંત્ર દ્વારા હાલમાં ઈન્કાર કરવામાં આવ્યો છે. જો કે આ સંબંધમાં વિચારણા ચાલી રહી છે. સતત પાંચમી દિવસે જનજીવન ખોરવાયેલુ રહ્યુ હતુ. ચારેબાજુ મોટી સંખ્યામાં સુરરક્ષા જવાન તૈનાત કરવામાં આવેલા છે.કાશ્મીર ખીણના તમામ ૧૦ જિલ્લામાં સંચારબંધી આજે પણ યથાવતરીતે જારી રાખવામાં આવી છે. જો કે તબક્કાવારરીતે રાહત આપવાની વાતચીત ચાલી રહી છે. તમામ જગ્યાએ સઘન સુરક્ષા વચ્ચે તંગ સ્થિતી રહેલી છે. હિઝબુલ મુજાહિદીન ના કમાન્ડર બુરહાન વાનીના મોત બાદ કાશ્મીરમાં વિરોધ પ્રદર્શનની શરૂઆત થઈ હતી. પોલીસ સુત્રોના કહેવા મુજબ છેલ્લા પાંચ દિવસમાં સૌથી વધારે મોત અનંતનાગ જિલ્લામાં થયા છે. અહીં

● અનુસંધાન પાન-૭ પર



પ્રકૃતિનો વૈભવ - પાટનગરમાં પ્રકૃતિનો વૈભવ પરમતત્વના દર્શન કરાવે છે... આકાશમાંથી રીમઝીમ રીમઝીમ વરસતી કૃપા દશે દિશાઓમાં ઠંડક સર્જે છે... લીલાછમ વાતાવરણમાં મોર પણ મન મુકીને કળા કરે છે... ગાંધીનગરનું સદભાગ્ય છે... હજુ પણ શહેરમાં ૩૦૦થી વધુ મોર પ્રાકૃતિક સમૃદ્ધિમાં ઉમેરો કરે છે... રાજભવનથી જ-૦ સુધીના માર્ગની બંને બાજુ હજુ પણ વહેલી સવારે કે મોડી સાંજે કળા કરતા મોર જોવાનો લ્હાવો અનેક સદભાગીઓને પ્રાપ્ત થાય છે... અને સચિવાલયની પાછળ તથા બોર્ડ-નિગમની કચેરીઓની વચ્ચે પણ મોરના ટહૂકા હજી ગુંજે છે... આ જ ગાંધીનગરની મજા છે... શહેરમાં વરસતા વરસાદમાં મોરનું મન થનગાટ કરે છે અને માદા મોર ‘ઢેલ’ને આકર્ષિક કરવા કળા કરે છે... મોરના ડહૂકાથી વાતાવરણમાં એક અનોખો રોમાંચક ધ્વનિ સર્જાય છે...

# રાજ્યભરમાં સાર્વત્રિક વરસાદ

### ૧૩૩ તાલુકાઓ નોંધનીય વરસાદ : ૪૮ તાલુકામાં ૨ થી ૭ ઈંચ વરસાદ : મેધરજ, ઈડરમાં સાત ઈંચ અને ઉંઝામાં છ ઈંચ વરસાદ : નર્મદા ડેમ આગામી ૯ દિવસમાં ઓવરફ્લો પણ થઈ શકે છે : પાણી પુરવઠા મંત્રી નીતિન પટેલ

અમદાવાદ, તા.૧૩

રાજ્યમાં વરસી રહેલા વરસાદે છેલ્લા ચોવીસ કલાક દરમિયાન રાજ્યમાં સાર્વત્રિક રીતે વરસવાનું ચાલુ રાખ્યું છે. રાજયના ૧૩૩ તાલુકાઓમાં નોંધનીય વરસાદ વરસ્યો છે. જેમાં ૪૮ તાલુકાઓમાં બેથી સાત ઈંચ જેટલો અને ૮૫ તાલુકાઓમાં અડધાથી એક ઈંચ જેટલો વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે. રાજયના સ્ટેટ ઈમરજન્સી સેન્ટર દ્વારા મળેલા અહેવાલો મુજબ આજે તા. ૧૩-૦૭-૨૦૧૬ને સવારે ૭-૦૦ કલાકે પુરા થતાં ચોવીસ કલાક દરમિયાન અરવલ્લી જિલ્લાના મેધરજ તાલુકામાં ૧૯૦ મી.મી. અને સાબરકાંઠા જિલ્લાના ઈડરમાં ૧૭૩ મી.મી. મળી કુલ બે તાલુકાઓમા ૭ ઈંચ જેટલો વરસાદ વરસ્યો છે. જ્યારે મહેસાણા જિલ્લાના ઉંઝામાં ૧૫૪ મી.મી. એટલે કે છ ઈંચથી વધુ, સતલાસણામાં ૧૦૦ મી.મી અને સંતરામપુરમાં ૧૦૬ મી.મી. મળી કુલ બે તાલુકાઓમાં ચાર ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત હિંમતનગર તાલુકામાં ૭૨ મીમી, વડાલીમાં ૭૮ મી.મી, ધનસુરામાં ૭૫ મી.મી. માલપુરમાં ૯૫ મી.મી., મોડાસામાં ૯૧ મી.મી. મહુધામાં ૯૭ મી.મી. વડાલીમાં ૭૮ મી.મી. ધનસુરામાં ૭૫ મી.મી. માલપુરમાં ૮૫ મી.મી. મળી કુલ આઠ તાલુકાઓમાં ૩ ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. જ્યારે હારીજ તાલુકામાં ૫૫ મી.મી. પાટણમાં ૫૦ મી.મી. સરસ્વતીમાં ૪૯ મી.મી. શંખેશ્વરમાં ૫૦ મી.મી. સિદ્ધપુરમાં ૫૬ મી.મી. દિયોદરમાં ૫૯ મી.મી. ખેરાલુમાં ૫૨ મી.મી. ખેડબ્રહ્મામાં ૫૦ મી.મી., તલોદમાં ૬૩ મી.મી દહેગામમાં ૫૧ મી.મી, કપડવંજમાં ૭૧ મી.મી. મહેમદાવાદમાં ૫૬ મી.મી. નડીયાદમાં ૬૯ મી.મી ડેસરમાં ૪૯ મી.મી બોડેલીમાં ૬૦ મી.મી. ક્વાંટમાં ૬૩ મી.મી. ખાનપુરમાં ૬૧ મી.મી. લુણાવાડામાં ૪૯ મી.મી. વીરપુરામાં ૫૦ મી.મી, ધાનપુરમાં ૭૧ મી.મી. સાયલામાં ૬૯ મી.મી. રાજકોટમાં ૬૪ મી.મી માળિયામાં ૬૧ મી.મી. નાંદોદમાં ૫૩ મી.મી. તિલકવાડામાં ૫૩ મી.મી અને વધઈમાં ૫૦ મી.મી. મળી કુલ ૩૫ તાલુકાઓમાં બે ઈંચથી વધુ વરસાદ વરસ્યો છે. આ ઉપરાંત રાજયના ચાણસ્મા, સમી, વડગામ, બેચરાજી, જોટાણા, મહેસાણા, વડનગર, વિજાપુર, પ્રાંતિજ, વિજયનગર, ભિલોડા, ગાંધીનગર, માણસા, અમદાવાદ શહેર, દેત્રોજ, ધંધુકા, સાણંદ, ગલતેશ્વર, કઠલાલ, ખંભાત, ડભોઈ, શિનોર, નસવાડી, ધોધંબા, મોરવાહક, દાહોદ, દેવગઢ બારીયા, ફતેપુરા, ગરબાડા, લીમખેડા, ઉપલેટા, ધ્રોલ, ભાણવડ, કેશોદ, વંથલી, ડેડિયાપાડા, સોનગઢ, ડોલવણ, ઉમરપાડા, વાંસદા, વલસાડ, ડાંગ, મળી કુલ ૪૨ તાલુકાઓમાં એક ઈંચથી વધુ જ્યારે અન્ય ૪૩ તાલુકાઓમાં અડધો ઈંચ કરતાં વધુ વરસાદ વરસ્યો હોવાના અહેવાલો છે.

## રાજ્યમાં પ્રથમ વખત મેલેરીયા, ડેન્ગ્યુના રોગને નોટીફાયેબલ જાહેર કરાયો

અમદાવાદ, તા.૧૩

આરોગ્ય મંત્રી નીતીનભાઈ પટેલે જણાવ્યું છે કે, મલેરિયા રોજ નિર્મૂલન માટે કેન્દ્ર સરકાર દ્વારા ૨૦૧૬માં બહાર પાડવામાં આવેલ માર્ગદર્શિકા પ્રમાણે આરોગ્ય વિભાગે રાજયમાં સૌ પ્રથમ વખત મેલેરિયા અને ડેગ્યુ રોગને નોટીફાયેબલ જાહેર કરવાનું નક્કી કર્યું છે અને તાત્કાલિક અસરથી આ કામગીરી હાથ ધરવામાં આવશે. મંત્રી પટેલે ઉમેર્યું હતું કે, મેલેરિયા અને ડેગ્યુ જેવા વાહકજન્ય રોગોના સમગ્ર વિશ્વમાં વધતા પ્રભાવ સામે આરોગ્ય તંત્ર દ્વારા રોગો નિર્મૂલન કરવા માટે દર્દીઓની માહિતી ઝડપથી મેળવી અસરકારક પગલાઓ સત્વરે લઈ શકાય તે માટે રાજય સરકારે આ મહત્વનો નિર્ણય કર્યો છે. મંત્રીએ ઉમેર્યુ હતું કે, અત્યાર સુધી આ પ્રકારના રોગોની માહિતી માત્ર સરકારી દવાખાનાઓ હોસ્પિટલોમાંથી મળતી હતી. ખાનગી દવાખાનામાં સારવાર લેતા દર્દીઓ કયા વિસ્તારના છે, તેની માહિતી ન મળવાના કારણે સર્વેલન્સ અને રોગચાળા નિયંત્રણના પગલાઓ લઈ શકાતા ન હતા.

આ કાયદો અમલમાં મુકવાથી તમામ ખાનગી ક્ષેત્રના દવાખાનાઓ અને હોસ્પિટલોમાંથી મેલેરીયા અને ડેગ્યુના દર્દીઓના નામ, સરનામાની વિગતો આરોગ્યના અધિકારીઓને તાત્કાલિક મળવાથી દવા છટંકાવ વગેરે રોગ નિયત્રણની કામગીરી સત્વરે લઈ શકાશે. આના કારણે રોગનો પ્રસાર અટકતા લોકોની આરોગ્ય સુખાકારી વધશે. આમ, રાજયની તમામ દવાખાનાઓ અને હોસ્પિટલોમાં દરરોજ જે કેસો નોંધાય તેની વિગતો સંબંધિત જિલ્લા અને મહાનગરપાલિકાની કચેરીને પુરી પાડવાની રહેશે.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda,
Sector - 21, Gandhinagar, Ph.232 48225

# ગાંધીનગરની જ્યોતિએ વિશ્વકક્ષાએ ઈતિહાસ સર્જ્યો

### વિશ્વ સ્કૂલ ગેમ્સમાં કુસ્તીમાં સીલ્વર મેડલ : સ્કૂલ ગેમ્સમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ કુશ્તીમાં પદક પ્રાપ્ત કરનાર ભારતની પ્રથમ ખેલાડી બની : તુર્કી ખાતે રમાઈ રહેલ વિશ્વ સ્કૂલ ગેમ્સ-૨૦૧૬માં સાઈની પહેલવાન જ્યોતિ સિસોદિયાની અનોખી સિદ્ધિ : સે. ૧૬માં રહેતા મધ્યમ વર્ગીય પરિવારની દિકરી જ્યોતિ શહેરનું ગૌરવ બની

ગાંધીનગર, તા. ૧૩

ગાંધીનગરની દિકરી જ્યોતિ



સિસોદિયાએ તુર્કી ખાતે રમાઈ રહેલ વર્લ્ડ સ્કૂલ ગેમ્સ-૨૦૧૬માં કુશ્તીની રમતમાં સિલ્વર મેડલ જીતી ઈતિહાસ રચ્યો છે. દેશના ઈતિહાસમાં કુશ્તીની રમતમાં વર્લ્ડ સ્કૂલ ગેમ્સમાં આંતરરાષ્ટ્રીય ચંદ્રક પ્રાપ્ત થયો હોય તેવી આ પ્રથમ ઘટના છે. જ્યોતિએ ૪૩ કિ.ગ્રા. કસોટીમાં તેની આ સિદ્ધિ સાથે ગાંધીનગરનું નામ વિશ્વકક્ષાએ રોશન કર્યું છે.

સ્પોર્ટસ ઓથોરિટી ઓફ ઈન્ડિયાના નેતાજી સુભાષ વેસ્ટર્ન સેન્ટરના સ્પોર્ટસ ટ્રેઈનીંગ સેન્ટરની તાલીમાથી જ્યોતિ સિસોદિયાએ તુર્કી ખાતે રમાઈ રહેલ વર્લ્ડ સ્કૂલ ગેમ્સ-૨૦૧૬માં કુશ્તીની રમતમાં ૪૩



કિ.ગ્રા. કેટેગરીમાં રજત ચંદ્રક હાંસલ કર્યો છે. ગાંધીનગરના સેક્ટર-૧૬માં સરકારી ક્વાટર્સમાં રહેતી જ્યોતિ સિસોદિયાએ ખૂબજ સામાન્ય પરિવારમાં ઉછરીને આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રથમવાર કુશ્તીની રમતમાં ભારતને પદક અપાવી દેશનું ઉપરાંત ગુજરાત અને ગાંધીનગરનું નામ પણ રોશન કર્યું છે. જ્યોતિને સાઈના રિજીયોનલ ડાયરેક્ટર આર.કે. નાયડુ તથા ડાયરેક્ટર જનરલ ઈન્જેરી શ્રીનિવાસે અભિનંદન પાઠવ્યા છે. સાઈના કુશ્તીના કોચ હરીશ રાજોરા પાસે તાલીમ મેળવી રહેલ જ્યોતિએ અગાઉ ૨૦૧૫માં અન્ડર-૧૯ કેટેગરીમાં સાઈ નેશનલ

● અનુસંધાન પાન-૭ પર

## પરિવારની તમામ દિકરીઓ ખેલાડી છે

વિશ્વ સ્તરે ગાંધીનગર સહિત દેશનું નામ રોશન કરનાર જ્યોતિના પિતા દશરથસિંહ સિસોદિયા સે. ૧૫માં સાઈ સંકુલમાં જ વોચમેનની નોકરી કરે છે. સામાન્ય મધ્યમ વર્ગીય પરિવારના દશરથસિંહને ચાર દિકરી અને એક દિકરો છે. જેમાં જ્યોતિ બીજા નંબરની દિકરી છે. સૌથી મોટી દિકરી કરિશ્મા પણ હેન્ડબોલની રમતમાં રાષ્ટ્રીય સ્તરે બ્રોન્ઝ મેડલ વિજેતા ખેલાડી છે. જ્યારે ત્રીજા નંબરની દિકરી ભાવના જિન્માસ્ટિકની રાજ્યકક્ષાની ખેલાડી છે. ચોથા નંબરની દિકરી કુસુમ હજુ ધોરણ-૧૦માં અભ્યાસ કરે છે પરંતુ તે પણ કુશ્તીની રમતમાં ખેલ મહાકુંભમાં ગોલ્ડ મેડલ જીતી ચુકી છે. સૌથી નાનો દિકરો નરેન્દ્ર ધોરણ-૮માં અભ્યાસ કરે છે. દશરથસિંહે ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે પોતે સાઈમાં ૨૨ વર્ષથી કાર્યરત હોવાથી તેમની દિકરીઓમાં રમતના ગુણ વિકસ્યા છે. તેનો આનંદ છે. તેઓ પોતાની દિકરી રાજ્ય કે નેશનલ કક્ષાએ જ્યાં રમતી હોય ત્યાં હંમેશા તેની સાથે જ જાય છે પરંતુ આ વખતે આંતરરાષ્ટ્રીય કક્ષાની રમત હોવાથી તેઓ જઈ શક્યા નથી.